# સાહિત્ય–સંસ્કૃતિ સંમેલન

**આદરણીય વડીલો અને મિત્રો,**

વિક્રમ સંવત ૨૦૬૮ની શુભકામનાઓ. જગતના લોકોની પરંપરાગત માન્યતાઓ, જન્મ–મરણ, લગ્ન, ખેતી, કુંટુબ, જંગલ, વન્ય ઔષધિનું જ્ઞાન, જમીન, નદી, સૂર્ય–ચંદ્ર, પશુ, પ્રાણી, વગેરે દરેક પ્રકારના રીત–રીવાજ, પ્રકૃતિનું જ્ઞાન, વર્તમાન–ભૂતકાળ, દંતકથાઓ, વાર્તા, ગીતો, જીવનશૈલી, સંગીત, કળા વગેરે લોકોના એક મોઢેથી બીજાના મોઢે એટલે કે મૌખિક પરંપરામાં આદિકાળથી વહેતા કુદરત અને માનવજીવના ચક્રની ગતિ તે લોકસંસ્કૃતિ. જગતના જુદા જુદા ધર્મ, જ્ઞાતિ, સમાજ, પ્રદેશ પ્રમાણે જે સંસ્કૃતિના વારસાથી આપણે સૌ શોભીએ છીએ એ દરેકની સંસ્કૃતિ ભવ્ય જ છે. કોઈ પણ સંસ્કૃતિ બીજી સંસ્કૃતિ કરતા ઉતરતી કે ચઢિયાતી હોતી નથી. સંસ્કૃતિની પોતાની ઓળખ હોય છે જે એને અન્ય સંસ્કૃતિ કરતા જુદી પાડે છે.

લોકસંસ્કૃતિની આ પરંપરા માનવજીવનની સહજ ક્રિયાઓમાં અભિવ્યકત થાય તે લોકસાહિત્ય. અભિવ્યકિતની મૌખિક પરંપરારૂપે વહેતો આ પ્રવાહ ભાષાના લિપિ સંકેતોની શરુઆત થતા ધીરે ધીરે લિખિત અને મૌખિક સ્વરૂપે વહે છે. ભારતીય ભવ્ય સંસ્કૃતિના મહાકાવ્યો 'મહાભારત' અને 'રામાયણ' પણ મૂળતઃ તો મૌખિક પરંપરામાં હતા. આજે મૌખિક અને લિખિત બંને પરંપરામાં જોવા મળે છે. અન્ય પરંપરાગત સાહિત્યની તુલનાએ આદિવાસી ભાષાઓમાં આદિવાસી પરંપરાનું સાહિત્ય બહું જ અલ્પ પ્રમાણમા લિખિત રૂપે બહાર આવ્યુ છે. મૌખિક પરંપરામાં વહેતો પ્રવાહ ધીમે ધીમે ઘટી રહયો છે.

આદિવાસીની ઓળખનો મુળ આધાર આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા છે, જે સેંકડો વર્ષોથી બહુ જ ઓછા ફેરફાર સાથે આજે પણ પ્રચલીત છે. થોડા વર્ષોથી સંસ્થાગત રીતે અને વ્યકિતગત રીતે આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા વિશે ગંભીરતાથી સંશોધનો થયાં છે. આદિવાસી સાહિત્ય, કળા, જ્ઞાન પરંપરા વિશે જે હકીકત સામે આવી છે તે, ગૌરવનો અનુભવ કરાવે તેવી છે.

ગુજરાતમાં, વિશેષ તો દક્ષિણ ગુજરાતમાં ચૌધરી, ગામીત, ધોડિઆ, કુંકણા, વસાવા, કોટવાળીયા, હળપતિ, વારલી, કોલઘા, વગેરેની વસ્તી છે. દક્ષિણ ગુજરાત આદિવાસીઓની સંસ્કૃતિ, સાહિત્ય અને પરંપરાનો અમુલ્ય વારસો ધરાવતો વિસ્તાર છે. આપણે આ વારસાના વારસો છીએ એટલે આપણે એ વારસા વિશે ગૌરવ અનુભવી શકીએ છીએ. આ વારસો સમાજના લોકો જાણે, નવી પેઢીને એ વિશેની જાણકારી મળે, પરંપરાનું મહત્ત્વ સમજે એવા પ્રયાસો થાય તો આવનારી પેઢીને કશુંક આપી શકાય.

આપણે સૌ એ પરંપરાના વાહકો છીએ. આજના બદલાતા જતા સમયમાં આપણી સંસ્કૃતિ અને પરંપરા ભયમા છે. આપણી ભાષાઓ બહું જ ઝડપથી નજીકની મુખ્યભાષામાં ભળતી જાય છે. ભાષાની સાથે એમાં રહેલી–સચવાયેલી કથાઓ, ગીતો, કહેવતો, જ્ઞાન પરંપરા કહો કે સમગ્ર સંસ્કૃતિ નાશ પામશે. ભાષા અને સંસ્કૃતિના સારા પાસાઓને બચાવવાની આપણી સૌની ફરજ છે. બદલાતા જતા સમયની અસર આપણા આ ગૌરવશાળી વારસા પર પણ પડવા લાગી છે. આપણી સંસ્કૃતિ અને પરંપરા વિશે આપણે ગંભીરતાથી વિચારવા અને એના જતન અને સંવર્ધન માટે કાર્યરત થવા માટેનો સમય આવી ગયો છે. વ્યકિતગત રીતે આપણે આ સંકટ વિશે વિચારતા તો હોઇએ જ છીએ.

(પાછળ)

આપણે સૌ સ્વ અને આદિવાસી સમાજ પ્રત્યે સભાનપણે સતત વિચારીએ છીએ. સમાજ અને સ્વના વિકાસ માટે શું કરી શકાય ? સારું શિક્ષણ, સારી રોજગારી, સારી ખેતી વગેરે માટેનું સારું આયોજન કરી સફળ પણ થઈએ છીએ. પાછલા થોડા વર્ષોથી આદિવાસી સાહિત્ય, કળા, લોકપરંપરાને બચાવવા માટે કેટલીક સંસ્થાઓ અને વ્યકિતગત રીતે ખુબ જ સારી કામગીરી થઇ રહી છે. આદિવાસી સમાજની વિવિધતા અને વિપુલતાના પ્રમાણને જોતાં આ પ્રયત્નો બહું જ ઓછા કહી શકાય છે.

એ માટે શું કરી શકાય ? એવા પ્રશ્ન સાથે દક્ષિણ ગુજરાતના જુદા જુદા વ્યવસાય સાથે સંકળાયેલા, જુદી જુદી જાતિનું પ્રતિનિધિત્વ કરતા આદિવાસી સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે વિચારવા થોડા મિત્રો તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ વાંસદા અને તા. ૨જી ઓકટોબરના રોજ વ્યારામા ભેગા થયા હતા. જયાં સાહિત્ય અને સંસ્કૃતિનુ જતન, સંશોધન–સંપાદનનું કેન્દ્ર, સંગ્રહાલય, આદિવાસી સામયિક વગેર બાબતો પર થોડો વિચાર વિમર્શ કરેલ છે. જેમા આદિવાસી સંસ્કૃતિ, કળા, સાહિત્ય અને એનું સંશોધન ઘર આંગણે કાર્યરત થાય, જે એક સ્વતંત્ર એકમ તરીકે કાર્ય કરે એવા પ્રકારના નમ્ર પ્રયાસો રહયા છે. તેના માટે શું કરી શકાય ? એની કામગીરી કયાં પ્રકારની હોઈ શકે ? વ્યકિગત અને સામાજિક રીતે કયાં પ્રકારે મદદરૂપ બની શકાય ?

આ પ્રશ્નો અને વિચાર દક્ષિણ ગુજરાતના વિશાળ આદિવાસી સમાજ સામે મૂકીને એમના વિચારો અને મંતવ્યો માટેનું એક સંમેલન તા.૧૦/૧૧/૨૦૧૧ દેવ દિવાળી (કાતકી દિવાળી)ના રોજ આદિવાસીઓનું પવિત્રધામ ઘુહમાયમાડી–પદમડુંગરી તા. વ્યારા, જી. તાપી ખાતે સવારે ૯–૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આપને અને આપના મિત્રો સાથે આ સંમેલન પધારવા હાર્દિક નિમંત્રણ છે.

આપના સૂચનો અને મંતવ્યો લેખિતમાં તા. ૮/૧૧/૨૦૧૧ પહેલા નીચેના સરનામે મોકલવા વિનંતી છે. આપને મર્યાદિત સમયમાં મુદદાસર વિચારો રજૂ કરવાની તક આપવાનું આયજન કરેલ છે.


| **શ્રી ડાહ્યાભાઈ વાઢુ** | **પ્રિ.ડો. જશવંતભાઈ ચૌધરી** | **પ્રા.ડો. વિક્રમ ચૌધરી** | **ડો. સુરેશભાઈ ચૌધરી** |
|---|---|---|---|
| ૯૪૨૯૭૮૨૩૬૯ | ૯૪૨૭૧૪૦૫૯૯ | ૯૪૨૮૫૭૮૬૯૯ | ૯૮૨૫૪૯૯૪૭૪ |

| **શ્રી કુલીનભાઈ પટેલ** | **પ્રા. ધીરુભાઈ પટેલ** |
|---|---|
| ૯૪૨૭૧૭૦૧૯૨ | ૯૪૨૬૮૭૧૨૬૯ |

વિક્રમ ચૌધરી, ૭/એ, પટેલ નગર, શાસ્ત્રી રોડ, બારડોલી, તા. બારડોલી, જી. સુરત–૩૯૪૬૦૧


**કાર્યક્રમની રૂપરેખા**

**સ્થળ : ઘુહમાય માડીનું મંદિર–પદમડુંગરી**

ઉદઘાટન બેઠક: ૯–૩૦ થી ૧૦–૩૦

પ્રથમ બેઠક : ૧૦–૩૦ થી ૧૧–૪૫ (મૌખિક પરંપરાની ત્રણ વાર્તા, બે ગીત, બે નૃત્ય )

બીજી બેઠક : ૧૧–૪૫ થી ૧૨–૩૦ સંસ્કૃતિ અને સાહિત્ય સંદર્ભે વકતવ્યો

ત્રીજી બેઠક : ૧૨–૩૦ થી ૨–૦૦ ખુલ્લી ચર્ચા ૨–૦૦ : ભોજન

**ભાષા અને સંસ્કૃતિ શ્રેષ્ઠ કે નિમ્ન હોતી નથી ભવ્ય હોય છે.**